R. EXE. NO. 06/2026
Order Below ex - 01

**– :: આંક – ૦૧ તળે વિશેષ હુકમ :: –**

આ કામના દરખાસ્ત લેણદાર તરફે આવેલ હાલની આ દરખાસ્ત દાખલ કરવામાં આવતા આ કામના દરખાસ્તના લેણદારને અદાલત તરફથી નોટીસ કરવામાં આવતા આ કામે દરખાસ્તના દેણદારને બજવણી થઈ જવા પામેલ છે. આ કામે દરખાસ્તના દેણદાર હાજર થયેલ. ત્યાર બાદ દરખાસ્તના દેણદારનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલો. આ કામના દરખાસ્તના લેણદારે આ કામે જપ્તી વોરંટ કઢાવવાની અરજી રજૂ થવા પર આ કામ છે. આ કામના દરખાસ્તના લેણદારે દરખાસ્તના દેણદાર વિરૂધ્ધ જંગમ મિલ્કતનું જપ્તી વોરંટ કાઢવા માટેની અરજી રજૂ રાખવાની રહે. જો દરખાસ્તના લેણદાર તરફથી આ કામે આગળની કાર્યવાહી કરવાનો પ્રયત્ન કરવામાં આવે નહી તો આ દરખાસ્ત દરખાસ્તના લેણદારની કસુરના કારણે ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવાની રહે તેવી કાયદાની સ્થિતિ જણાઈ આવે છે.

આ કામે આજરોજ સવારના પ્રથમ સીટીંગમાં અવાર – નવાર તેમજ ત્યાર બાદ રીસેસ સમય બાદ અવાર – નવાર દરખાસ્તના લેણદારનો પોકાર કરવામાં આવેલ છે. આ કામે દરખાસ્તના લેણદાર તરફે અદાલતમાં હાજર રહી કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. દરખાસ્તના લેણદાર તરફે આ કામે આજરોજ કોઈ મુદતની માંગણી કરવામાં આવતી નથી. આ કામે આજરોજ દરખાસ્તના દેણદાર વિરૂધ્ધ જંગમી મિલ્કતનું જપ્તી વોરંટ કાઢવાની અરજી રજૂ રાખવામાં આવતી નથી. આ તમામ હકીકતો ધ્યાને લેતા આ કામના દરખાસ્તના લેણદારને આ કામ આગળ ચલાવવાની દરકાર હોવાનું જણાઈ આવતું નથી. નામદાર મહેરબાન સર્વોચ્ચ અદાલતે જયારે કોઈ પણ દરખાસ્ત છ માસમાં પુરી કરાવાનો આદેશ કરેલ છે ત્યારે છ માસમાં દરખાસ્ત પુરી થાય તે માટે દરખાસ્તના લેણદારે પણ અદાલતમાં મુદતના રોજ અચુક હાજર રહી આગળની કાર્યવાહી કરવામાં સહકાર આપવાનો રહે. જો દરખાસ્તના લેણદાર અચુક હાજર રહી કાર્યવાહી આગળ ચલાવવા સહકાર આપે નહી તો સ્વાભાવિક રીતે નામદાર મહેરબાન સર્વોચ્ચ અદાલતના આદેશનું પાલન કરવાની દરખાસ્તના લેણદારની વૃત્તિ હોવાનું કહી શકાય નહી. આ કામે આજરોજ અદાલતનો સમય પુરો થતા સુધી રાહ જોવા છતા આ કામના દરખાસ્તના લેણદાર તરફે આગળની કાર્યવાહી કરવા માટે કોઈ હાજર નહી હોવાનું ધ્યાને લેતા આ કામના દરખાસ્તના લેણદારની કસુરના કારણે આ દરખાસ્ત

ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવાનો આદેશ કરવાનું વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવે છે.

ઉપરોકત રેકર્ડ ઉપરની તમામ હકીકતો તથા કારણો તથા સંજોગો તથા કાયદાની સ્થિતિ તથા પરીસ્થિતિ ધ્યાને લેતા, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– :: આખરી હુકમ :: –**

૧. આ કામના દરખાસ્તના લેણદાર તરફથી રજુ રાખવામાં આવેલ હાલની આ દરખાસ્ત આથી દરખાસ્તના લેણદારની કસુરના કારણે ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ દરખાસ્તના ખર્ચ અંગે અલગથી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

આ હુકમ આજરોજ તારીખ – ૨૭ મી, માહે – માર્ચ, સને – ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

**તા. ૨૭/૦૩/૨૦૨૬**
**સ્થળ:સિહોર**

**(પરેશગીરી નટવરગર ગોસ્વામી)**
**પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ**
**સિહોર, જી. – ભાવનગર.**
**કોડ નં. – જીજે – ૦૧૦૩૭**

(બી.બી.ગોસાઈ)